# સંવત ૨૦૭૫નું રાશિવાર ભવિષ્ય

તા. ૨૯-૩-૨૦૧૯થી ગુરૂ તમારી રાશિમાં આવશે. અહીં તે સ્વગૃહી બને છે. સાહસિક કાર્યોમાં સફળતા સારી મળે. ઉતાવળીયો કોઈ નિર્ણય આ સમયમાં ન લેવાય તેની કાળજી રાખવી ભાગ્યવૃદ્ધિના યોગો સારા બને. વિવેક મર્યાદા જાળવશો તો દગાબાજી જેવા વ્યવહારની સામે ટકી જશો. આધ્યાત્મિક કાર્યો સારા થાય. ધાર્મિક કાર્યો પાછળ ધનવ્યય વધુ થાય. ધાર્મિક યાત્રા-મુસાફરીના યોગ બનાવે. આંતરિક-કૌટુંબિક અશાંતિ રહે. અહીં તમને અણગમતા વાતાવરણમાં જીવવાની ફરજ પડશે. ભાઈ ભાંડુ સાથે મનદુ:ખના પ્રસંગો બને.

તા. ૨૨-૪-૨૦૧૯થી વક્રી ગુરૂ પાછો તમારા બારમા વ્યયસ્થાને આવશે. જે આર્થિક શારીરિક નુકસાનના યોગ બનાવે. અંગત વ્યકિત દ્વારા વિશ્વાસઘાતના યોગ બને વડિલ વ્યકિત સાથે મનદુ:ખના પ્રસંગો બને. ધંધા-વ્યવસાયિક ઉઘરાણી ફસાઈજવાના યોગ બને. નોકરિયાત વર્ગને બઢતી અંગેના કાર્યો પૂર્ણ થાય. ધાર્મિક આડંબરો વધે. ધનવ્યયના અનેક પ્રસંગો બને. કુટુંબના સભ્યોના કારણે ગેરમાર્ગે ધનવ્યય થાય. અહીં અનેક પરિવર્તનો જોવા મળે જેના કારણે તમારે તકલીફો સહન કરવી પડે, સુખ-વૈભવની વૃદ્ધિ થાય. અટવાયેલા કાર્યો પૂર્ણ ન થતાં તમે માનસિક પીડા અનુભવશો. આર્થિક સદ્ધરતા માટેની યોજનાઓ પૂર્ણ ન થતી જણાય. તમારું વ્યકિતત્વ અહંકારી બનતું જણાય. વ્યવસાયિક ભાગીદારીમાં ઉપાધિ આવે. તમારી જવાબદારીનો બોજો વધતો જણાય.

શનિ આખુ વર્ષ તમારી રાશિમાં રહે છે. અહીં તમારે સાડાસાતી પનોતીનો બીજો તબક્કો સોનાના પાયે છાતી પરથી ચાલશે. જે આંતરિક-શારીરિક તેમજ આર્થિક અનેક તકલીફો રાખે. ખર્ચ અને નુકસાનના અનેક યોગો નિર્માણ થાય. આર્થિક અનેક યોજનાઓ પાર પડવા છતાં રાહત ન જણાય. નાણાંની ખેંચ અનુભવાય. ભાઈ ભાંડુ સંબંધી તકલીફો રહે. સામાજિક જવાબદારી વધતી જણાય. નોકરિયાત વર્ગને મુશ્કેલીઓનો સામનો કરવો પડે. વ્યવસાયિક ચાન્સ મળવા છતાં તમે તેનો યોગ્ય લાભ ન લઈ શકો. આર્થિક-શારીરિક તકલીફોના કારણે માનસિક અશાંતિ રહે. ધાર્મિક યાત્રા-પ્રવાસ તેમજ ધંધા-વ્યવસાયિક મુસાફરી કષ્ટદાયી નિવડે. તમે જવાબદારી નિભાવવામાં અસમર્થ પુરવાર થાવ. નાણાંકીય ચિંતા વધુ ઘેરી બનતી જણાય.

રાહુ વર્ષની શરૂઆતમાં તમારા આઠમા આયુષ્ય સ્થાને રહે છે. આંતરિક-શારીરિક તકલીફો વધુ રહે. ખાનપાનની અનિયમિતતાથી મોટી ગરબડો ઉભી થાય. ગુપ્તદર્દ કે ગુપ્તાંગ સંબંધી તકલીફોથી સંભાળવું. આંતરિક જીવનમાં અશાંતિ રહે. મનદુ:ખના પ્રસંગો બને. બિનજરુરી નાણાંકીય નુકસાનના યોગ બને. ભય-નિર્ણયની વચ્ચે તમે સ્વસ્થ રહેવાની કોશિષ કરશો. અણધાર્યા અનુભવો તમારી પરેશાની વધારે. નાણાં સંબંધી નુકસાનના અનેક યોગો બને. અણગમતા વાતાવરણમાં જીવવાની ફરજ પડશે. ભાવુકતાની દૃષ્ટિએ તમે ખંડિત થતાં જણાશો. કાનૂની કાર્યોમાં વિશ્વાસઘાત થાય.

કેતુ વર્ષની શરૂઆતમાં તમારા બીજા ધનસ્થાને રહે છે. જે કૌટુંબિક તેમજ આર્થિક નાની-મોટી તકલીફો રાખે. વડિલવર્ગની તબિયતની કાળજી રાખવી. કુટુંબના સભ્યો સાથે મનદુ:ખના પ્રસંગો બને. આર્થિક ગેરકાનૂની કાર્યોમાં ફસાઈ ન જવાય તેની કાળજી રાખવી. કૌટુંબિક ધનસંપત્તિના પ્રશ્ને અવરોધો આવે. વડિલ વર્ગને શારીરિક તકલીફો રહે. કૌટુંબિક વારસાગત સંપત્તિના પ્રશ્ને વિઘ્નો-અવરોધો આવે.

તા. ૭-૩-૨૦૧૯થી રાહુ તમારા સાતમાસ્થાને આવશે.જે આંતરિક દાંમ્પત્યજીવન સંબંધી અવનવી તકલીફો ઉભી કરે. સાંસારિક ઉપાધિઓમાં વધારો થાય. કોર્ટ કચેરીને લગતા કાર્યોમાં અવરોધો કે અપયશ મળે. સામાજિક કાર્યો કરનારને ખોટા આક્ષેપો સહન કરવા પડે. તમે ઈચ્છા અનિચ્છાએ ત્યાગના સંદર્ભમાં કંઈક ગુમાવશો. જીદના કારણે તમારી જવાબદારીમાં વધારો થાય. આરોગ્ય બાબતે કાળજી રાખવી જરુરી બને. લોભલાલચમાં ફસાશો તો દુર્ભાગ્યને નોતરશો. આરોય બાબતે દુર્લક્ષ્ય સેવવું યોગ્ય નથી. મોટી બીમારીથી સંભળવું. ભાગીદારીના વ્યવસાયિકોને અણબનાવ રહે.ગેરકાનૂની કાર્યોમાં ફસાઈ ન જવાય તેની કાળજી રાખવી. નાણાં સંબંધી નુકસાનના અનેક યોગો બને.

તા. ૭-૩-૨૦૧૯થી કેતુ તમારી રાશિમાં આવશે. જે આંતરિક-માનસિક તેમજ આર્થિક તકલીફો રાખે. મસ્તકપીડા તેમજ મગજ પર ગરમીની અસરો રહે. માનસિક અસ્વસ્થતામાં વધારો થાય. વડિલ વ્યકિત સાથે અણબનાવ રહે. તમે શંકા-કુશંકાના વમળમાં અટવાયા કરશો. નાણાં સંબંધી નુકસાનના અનેક યોગો બને. ગુપ્તદર્દ સંબંધી કોઈને કોઈ તકલીફો રહ્યા કરે. તમારી કાર્યપધ્ધતિથી પરિવારના સભ્યો નારાજ થશે. પરિવારના સભ્યો દ્વારા તમારું અપમાન થતું જણાય.

સ્ત્રીઓ માટે :

સ્ત્રીઓ માટે આ વર્ષ મધ્યમ પસાર થાય. આંતરિક, શારીરિક તેમજ માનસિક તકલીફો રહે. નાણાંકીય બાબતે છતેરાઈ જવાના યોગ બને. તમારા પોતાના વ્યકિત દ્વારા દગો થવાના યોગ બને. નોકરી કરતી સ્ત્રીઓને મનદુ:ખના પ્રસંગો બને. વૈચારિક મતભેદોના કારણે પરિવારના સભ્યો સાથે મનદુ:ખ થાય. જતું કરવાની ભાવના રાખશો તો સંબંધ ટકાવી શકશો. સંતાન સાથે મતભેદો રહે. ગુપ્ત પરેશાની તમને હેરાન કરે. જવાબદારીની મર્યાદા ઓળંગાય તેવા કાર્યોથી દૂર રહેવું. અણગમતા વાતાવરણમાં જીવવાની તમને ફરજ પડશે. જરૂરિયાત વગરના ખર્ચાઓ વધે.

વિદ્યાર્થીઓ માટે :

વિદ્યાર્થીઓ માટે આ વર્ષ મધ્યમ પસાર થાય. મહેનત પરિશ્રમના પ્રમાણમાં સફળતા ઓછી મળે. પુરુષાર્થ જેટલો વધુ કરશો તેટલી સફળતા સારી મેળવશો. તમે અભ્યાસ પરત્વે યોગ્ય નિર્ણય ન લઈ શકો. ડિગ્રી પ્રાપ્તિ માટેના તમારા પ્રયત્નો નિષ્ફળ જતા જણાય મિત્ર વર્ગ કે સહાયકો દ્વારા નુકસાનના યોગ બને. ઈતરપ્રવૃત્તિથી દૂર રહેશો તો અભ્યાસ પરત્વે ધ્યાન આપી શકશો. શારીરિક તકલીફોના કારણે પરેશાની વધે.

## મકર : (ખ.જ.ક્ષ.) :




વિ.સં. ૨૦૭૫ના વર્ષની શરૂઆતમાં ગુરૂ તમારા લાભભાવે રહેતા તા. ૨૯-૩-૨૦૧૯થી તમારા બારમા વ્યયસ્થાને આવશે. તા. ૨૨-૪-૧૯થી વક્રી ગુરૂ તમારા લાભભાવે આવશે. શનિ આખુ વર્ષ તમારા બારમા વ્યયસ્થાને રહે છે. અહીં તમારે સાડાસાતી પનોતીનો પ્રથમ તબક્કો લોઢાના પાયે ચાલે છે. રાહુ વર્ષની શરૂઆતમાં તમારા સાતમા સ્થાને અને કેતુ તમારી રાશિમાં રહેતા તા. ૭-૩-૧૯થી રાહુ તમારા છઠ્ઠા સ્થાને અને કેતુ તમારા બારમા વ્યયસ્થાને આવશે.

વર્ષની શરૂઆતમાં ગુરૂ તમારા અગિયારમા લાભભાવે રહે છે. જે શુભ ફળદાયી ગણાય. યશ-માન-પ્રતિષ્ઠામાં વધારો થાય. અણધાર્યા ધનલાભ મળવા છતાં ધનપ્રાપ્તિનો આનંદ નહીં લઈ શકો. કુટુંબના સભ્યો સાથે ખોટા વાદવિવાદથી દૂર રહેવું. ધંધા વ્યવસાયિકોને અનેક અવનવા ચાન્સ આવે. સુખ-વૈભવની પ્રાપ્તિ કરી શકશો. સંતાનની પ્રગતિ થાય. અટવાયેલા કાર્યો પૂર્ણ થતા રાહત અનુભવશો. નોકરિયાત વર્ગને બઢતી અંગેના કાર્યો થાય. અનેક યોજનાઓ દ્વારા આર્થિક સદ્ધરતામાં વધારો થાય. સામાજિક કાર્યો સારા થાય. મોટાભાઈ ભાંડુ સંબંધી નાની-મોટી તકલીફો રહે. અણધાર્યા ધનલાભો થાય. ધંધા-વ્યવસાયિક મોટી મુસાફરી લાભદાયી નિવડે.

તા. ૨૯-૩-૨૦૧૯થી ગુરૂ તમારા બારમા વ્યયસ્થાને આવશે. જે આંતરિક માનસિક અશાંતિ રાખે આર્થિક-શારીરિક હાનિના યોગ બને. પરિવારની વડિલ વ્યકિતને શારીરિક તકલીફો વધુ રહે. તમારી પરેશાનીમાં વધારો થાય. ધંધા-વ્યવસાયિક ઉઘરાણી ફસાઈ જવાના યોગ બને. ધાર્મિક કાર્યો તેમજ ધાર્મિક યાત્રાઓ સારી થાય. નોકરિયાત વર્ગને બઢતી અંગેના કાર્યો થાય. જન્મના ગ્રહો પ્રતિકૂળ હશે તો ત્યાગના સંદર્ભમાં કંઈક ગુમાવશો. તમારા પુરુષાર્થનું યોગ્ય ફળ ન મળતાં તમે નિરાશ થશો. તમારું ધ્યેય તમને ગુમાવડાવશે. નાણાંકીય વ્યય વધુ થાય. અગાઉનું ઋણ તમે ન ચૂકવી શકો મસ્તકપીડા તેમજ નેત્ર સંબંધી તકલીફો રહે.

તા. ૨૨-૪-૧૯થી વક્રી ગુરૂ તમારા લાભભાવે આવશે. સામાજિક તેમજ કૌટુંબિક માન-મોભો વધે. શેર સટ્ટાકીય કાર્યોથી દૂર રહેવું હિતાવહ ગણાય. ખોટા અહમના કારણે કોઈ અયોગ્ય નિર્ણય ન લેવાઈ જાય તેની કાળજી રાખવી. મોટા ભાઈ-ભાંડુ સાથે અણબનાવ રહે. ખોટા વાદ-વિવાદથી દૂર રહેવું જરુરી બને. ધંધા-વ્યવસાયિક ઈચ્છિત લાભ મળવામાં તકલીફો આવે. લાંબી મુસાફરી કષ્ટદાયી નિવડે. આવકવૃદ્ધિ માટેના પ્રયત્નો સફળ નિવડતા જણાય. તમારું બુદ્ધિપૂર્વકનું આયોજન નિષ્ફળ નિવડતું જણાય. ભાઈ ભાંડુને લગતી તકલીફો ઉભી થાય.

શનિ આખું વર્ષ તમારા બારમા વ્યયસ્થાને રહે છે. અહીં તમારે સાડાસાતી પનોતીનો પ્રથમ તબક્કો લોઢાના પાયે ચાલશે. આંતરિક-માનસિક તેમજ શારીરિક તકલીફો રહે. આર્થિક લાભ મળવા છતાં તમે તે જોઈ ન શકો. આવકના પ્રમાણમાં નુકસાનના યોગ વધુ બને. વધુ પડતાં લાગણીના સંબંધો તૂટતા જણાય. કૌટુંબિક નાના-મોટા પ્રશ્નોના કારણે કડવા ઘૂંટડા પીવા પડે. જરૂરિયાત વગરના ખર્ચાઓ વધે. તમારું બુદ્ધિપૂર્વકનું આયોજન નકારાત્મક સાબિત થાય. અહીં ત્યાગના સંદર્ભમા ગુમાવવા જેવું મેળવશો. આર્થિક પારિવારિક જવાબદારી નિભાવવામાં તમે પાછા પડશો. અણગમતા વાતાવરણમાં જીવવાની તમને ફરજ પડશે. કાનૂની કે દસ્તાવેજ સંબંધી કાર્યોમાં વિશ્વાસઘાતના યોગ બને. તમે કોઈના ઋણાનુબંધ બનશો. આકસ્મિક નુકસાનના અનેક યોગો બને. વડિલ વર્ગ તરફથી લાભની આશા ફળીભૂત ન થાય.

રાહુ વર્ષની શરૂઆતમાં તમારા સાતમા સ્થાને રહે છે. જે આંતરિક-માનસિક તેમજ દામ્પત્યજીવન સંબંધી તકલીફો રહે. અનેક નાની-મોટી તકલીફોનો સામનો કરવો પડે. ભાગીદારીના વ્યવસાયિકોને અંદરોઅંદર અણબનાવ રહે. જન્મના ગ્રહો પ્રતિકૂળ હશે તો ભાગીદારી છૂટી જવાના યોગ બને. મનદુ:ખના અનેક પ્રસંગો બને. વિરોધીઓ તરફથી હેરાનગતિ વધે કોર્ટ કચેરી સંબંધી કાર્યોમાં અપયના યોગ બને. આંતરિક જવાબદારીમાં વધારો થાય. શારીરિક તકલીફો વધુ રહે. ગુપ્તદર્દ કે ગુપ્તાંગ સંબંધી તકલીફોથી સંભાળવું.

કેતુ વર્ષની શરૂઆતમાં તમારી રાશિમાં રહે છે. આંતરિક-માનસિક-શારીરિક તકલીફો રહે તમારી વ્યકિતગત જવાબદારીમાં વધારો થાય. આર્થિક નુકસાનના અનેક યોગો બને. તમારી કાર્યપદ્ધતિનો પરિવારના સભ્યો દ્વારા વિરોધ થશે. જીવન પ્રત્યેનો તમારો ઉત્સાહ ઓછો થતો જણાય. માનસિક ટેન્શનમાં વધારો થાય. વ્યવસાયિક કાર્યોમાં અસ્થિરતાના યોગ બને.

તા. ૭-૩-૧૯થી રાહુ તમારા છઠ્ઠા સ્થાને આવશે. જે મિશ્ર ફળદાયી ગણાય. આર્થિક-શારીરિક નાની-મોટી તકલીફો રહે. આરોગ્ય અંગે કાળજી રાખવી. નોકરિયાત વર્ગને બઢતી અંગેના ચાન્સ મળવા છતાં ઉપરીવર્ગથી અણબનાવ રહે. આર્થિક લાભ મળવા છતાં તમે મળેલાનો સંતોષ નહીં અનુભવો. શારીરિક તકલીફોથી સંભાળવું. ખાનપાનની બેદરકારીના કારણે તમારી તંદુરસ્તી બગડે. સાહસિક કાર્યો દ્વારા નાણાંની પ્રાપ્તિ કરશો. સ્થાન પરિવર્તનના યોગ બને.

તા. ૭-૩-૨૦૧૯થી કેતુ તમારા બારમા વ્યયસ્થાને આવશે. જે અનેક પ્રકારની મુસીબતો ઉભી કરે આર્થિક લાભની તકો આવવા છતાં તમે તે મેળવી ન શકો. નોકરિયાત વર્ગને અનેક અવનવી સમસ્યા ઉદભવે. હિતશત્રુ તરફથી તકલીફો રહે. આંતરિક-માનસિક અશાંતિ રહે. આકસ્મિક ખર્ચના અનેક યોગો બને. ધનસંપત્તિના પ્રશ્ને અવરોધ રૂકાવટો આવે. નાણાં સંબંધી નુકસાનના અનેક યોગો બને.


સ્ત્રીઓ માટે :

સ્ત્રીઓ માટે આ વર્ષ કસોટીમય પસાર થાય. આંતરિક-માનસિક તેમજ કૌટુંબિક તકલીફો વધુ રહે. ધનવ્યયના યોગ વધુ બને. કૌટુંબિક મતભેદો કે મનદુ:ખના પ્રસંગો બને. ભૌતિક સુખ બાબતે અનેક રૂકાવટો આવે. આર્થિક પ્રગતિમાં અવરોધ આવે. સાંસારિક ઉપાધિમાં વધારો થાય. પારિવારિક જવાબદારી નિભાવતા જવાબદારીની મર્યાદા ન ઓળંગાય તેની કાળજી રાખવી. ધાર્મિક મુસાફરી કષ્ટદાયી બને. નોકરી કરતી સ્ત્રીઓને ઉપરી અધિકારી સાથે અણબનાવ રહે. આંતરિક જીવનમાં ગેરસમજો ઉભી થાય. દામ્પત્યજીવનમાં ખટપટો વધુ રહે. કોઈના પર વધુ પડતો વિશ્વાસ વિશ્વાસઘાતમાં પરિણમે. ધાર્મિક કાર્યો પાછળ ખર્ચ વધુ થાય.

વિદ્યાર્થીઓ માટે :

વિદ્યાર્થીઓ માટે આ વર્ષ મધ્યમ પસાર થાય. મહેનત-પરિણામનું મીઠું ફળ મળતું જણાય. ઉચ્ચ અભ્યાસ અંગેની તમારી ઈચ્છા પૂર્ણ થતી જણાય. સમયનો સદુપયોગ કરશો તો ધાર્યું પરિણામ મેળવશો. ડિગ્રી પ્રાપ્તિવાળા વિદ્યાર્થીઓએ ઈતરપ્રવૃત્તિ તરફ ધ્યાન ન આપતાં કેવળ અભ્યાસમાં જ લક્ષ સેવવું જરૂરી બને. અભ્યાસ સાથે નોકરી કરતા વિદ્યાર્થીઓને ઘણી જ મુશ્કેલીઓનો સામનો કરવો પડે. સ્થિર નિર્ણય ન લઈ શકો.

## કુંભ : (ગ.શ.સ.ષ.) :




વિ.સં. ૨૦૭૫ના વર્ષની શરૂઆતમાં ગુરૂ તમારા દસમા કર્મસ્થાને રહેતાં તા. ૨૯-૩-૨૦૧૯થી તમારા અગિયારમા લાભભાવે આવશે. તા. ૨૨-૪-૧૯થી વક્રી ગુરૂ તમારા દસમા કર્મસ્થાને આવશે. શનિ આખું વર્ષ તમારા અગિયારમા લાભભાવે રહે છે. રાહુ વર્ષની શરૂઆતમાં તમારા છઠ્ઠા રોગ શત્રુ સ્થાને અને કેતુ વ્યયસ્થાને રહેતા તા. ૭-૩-૨૦૧૯થી રાહુ તમારા પાંચમા સ્થાને અને કેતુ તમારા અગિયારમા લાભભાવે આવશે.

વર્ષની શરૂઆતમાં ગુરુ તમારા દસમા કર્મસ્થાને રહે છે. જે મધ્યમ ફળદાયી ગણાય. ધંધા-વ્યવસાયિક કાર્યો સારા થવા છતાં યોગ્ય લાભ ન મેળવી શકો. નોકરિયાત વર્ગને અનેક લાભો મળવા છતાં ઉપરીવર્ગ સાથે અણબનાવ રહે. અંગત વ્યકિત દ્વારા લાભો મળે. અણધાર્યા ધનલાભો મળે. નવીન સાહસિક કાર્યો કરવાની પ્રેરણા મળે. વ્યવસાયિક ધ્યેયલક્ષી મુસાફરીના યોગ બને. ભાગીદારીના વ્યવસાયિકોને ભાગીદારો સાથે મનદુ:ખના પ્રસંગો બને. યશ-માન-પ્રતિષ્ઠાના પૂર્ણ યોગ બને. આત્મબળથી આગળ વધશો. તમારું બુદ્ધિપૂર્વકનું આયોજન સફળ થતું જણાય. મર્યાદા ઓળંગાઈ જવાય તેવા કાર્યોથી દૂર રહેવું. જરૂરિયાત વગરના ખર્ચ વધુ થાય. નોકરિયાત વર્ગને બઢતી કે પ્રમોશનના ચાન્સ સારા મળે.

તા. ૨૯-૩-૨૦૧૯થી ગુરુ તમારા અગિયારમા લાભભાવે આવશે. જે સામાજિક કાર્યોમાં પ્રગતિ કરાવે. કૌટુંબિક માન મોભાની વૃદ્ધિ થાય. અહમ અદેખાઈના કારણે કોઈ ખોટો નિર્ણય ન લેવાઈ જાય તેની કાળજી રાખવી. આવક વૃદ્ધિના તમારા પ્રયત્નો સફળ થતાં જણાય. વ્યવસાયિક ઈચ્છિત કાર્યો થાય. મોટા ભાઈ-ભાંડુ સાથે મતભેદો રહે. લાંબી ધાર્મિક મુસાફરી કષ્ટદાયી નિવડે. શેરસટ્ટાકીય કાર્યોમાં કરેલ રોકાણ નુકસાનીમાં પરિણમે. સટ્ટાકીય કાર્યોથી દૂર રહેવું હિતાવહ ગણાય.

તા. ૨૨-૪-૨૦૧૯થી વક્રી ગુરૂ તમારા દસમા કર્મસ્થાને આવશે. અહીં તે વક્રી હોવાથી શુભફળ ન આપી શકે. નોકરિયાત વર્ગને અનેક તકલીફોનો સામનો કરવો પડે. ધંધા-વ્યવસાયિક લાભો સારા મળે. ધ્યેયલક્ષી મુસાફરી લાભદાયી નિવડે. નાણાંકીય લાભમાં વિલંબ થાય. આરોગ્ય અંગેની નાની-મોટી તકલીફો રહે. આવક કરતાં ખર્ચનું પ્રમાણ વધતું જણાય. આજીવિકા સંબંધી કાર્યોમાં ફેરફાર થાય. નોકરિયાત વર્ગને સ્થાનવૃદ્ધિના

WISH YOU HAPPY DIWALI & PROSPEROUS NEW YEAR



Since - 1986
॥ अभय ॥
Feel free, Be fearless

Parvej Mansuri 095749 02493
Y.A. Mansuri 098240 49503
Zarna Mansuri 099042 02493

Govt. Approved Contractor
The name is enough
ZARIN CATERING PRIVATE LIMITED
AD ABHAY DECORATORS
Spärk&fizz EVENTS Fresh Ideas for your event

Correspondence Address :
E-192, Opp. D-Mart,
Electronics GIDC, Sec.-26,
Gandhinagar. Ph. : 079-23287292

Registered Office :
B-203, Aman Flats,Opp. Old BJP Office,
J.P. Chowk, Khanpur, Ahmedabad-380001
Ph. : 079-25503943

PARAM

નૂતનવર્ષાભિનંદન સહ...
શ્રી ઉમિયા માતાજી સંસ્થાન
સેક્ટર-૧૨, ગાંધીનગર, ફોન નં. ૨૩૨-૪૫૩૦૦
Website : www.umiyasansthan.com

પ્રમુખ - ભરતભાઈ બી. પટેલ — મહામંત્રી - ભોળાભાઈ આઈ. પટેલ
ઉપપ્રમુખ - મનુભાઈ બી. પટેલ — સહ મંત્રી - દિલીપભાઈ એસ. પટેલ
ખજાનચી - ગણેશભાઈ એસ. પટેલ સહમંત્રી - મહેન્દ્રભાઈ એ. પટેલ
આં. ઓડિટર - ડાહ્યાલાલ વી. વછાણી
ભવન કમિટી, ચેરમેન - બળદેવભાઈ બી. પટેલ
ટેમ્પલ કમિટી, ચેરમેન - વિષ્ણુભાઈ બી. પટેલ (બાપજી)
શિક્ષણ કમિટી, ચેરમેન - શીવાભાઈ જે. પટેલ
લીગલ એડવાઈઝર - અશોકભાઈ એચ. પટેલ
લીગલ એડવાઈઝર - રાજુભાઈ કે. પટેલ
મેનેજર - પી.કે. પટેલ
ઉમા/મહિલા સમિતિ ચેરમેન - જ્યોત્સનાબેન એચ. પટેલ
જીવનસાથી પસંદગી સમિતિ કન્વીનર - રમણભાઈ એમ. પટેલ

- શુધ્ધ સાત્વીક ભોજન માટે ઉમા યાત્રિક ભવન ભોજનાલયમાં પધારો
- તેજસ્વી વિદ્યાર્થીઓની માર્કશીટ ૩૦-૧૧-૨૦૧૮ સુધી કાર્યાલયમાં મોકલી આપવા વિનંતી છે.

સ્વસ્થ શરીર, સ્વચ્છ મન, સભ્ય સમાજ નિર્માણ
વિષય - પરિવાર ગોષ્ઠી
પ્રવક્તા - આદરણીય ડો. ચિન્મય પંડ્યાજી
પ્રતિકુલપતિ દેવ સંસ્કૃતિ વિશ્વ વિદ્યાલય શાંતિકુંજ હરિદ્વાર
સ્થળ - ઉમિયા માતાજી સંસ્થાન હોલ, સેક્ટર-૧૨, ગાંધીનગર
તારીખ-સમય :- ૨૩-૧૧-૨૦૧૮ શુક્રવારે સાંજે ૫.૩૦ કલાકે
શ્રી ઉમિયા માતાજી સંસ્થાન અને
ગાયત્રી શક્તિપીઠ ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે